CCPS An AIChE Technology Alliance
Center for Chemical Process Safety
www.aiche.org/ccps

Process Safety Beacon
http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx
ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો

This issue sponsored by
ioMosaic®
Minimizing risk. Maximizing potential.®
www.iomosaic.com

# ચારે બાજુ ચેતવણી ચિન્હો ?

મે -૨૦૧૯

જમણી બાજુ આપેલા બે ફોટોગ્રાફસ એક વિમાનમથક પર લેવામાં આવેલ છે. આ સાધન માણસો માટેની લીફટ (એલીવેટર) છે, જે કામદારો ને ઉચકીને તેમના કામના સ્થળે પહોંચાડતી છે. આ પ્લેટફોર્મ ઉપર ૨૪ ચેતવણી ચિન્હો લગાવેલા છે. એવું તમે વિચારો , આમાં થી કેટલી ચેતવણી કામદારો વાંચતા હશે ? એમાં કોઈ શંકા નથી કે આ બધી ચેતવણીને પોતાની આગવી ઓળખ છે અને તે સારો હેતુ પુરો પાડે છે. પરંતુ, કોઈને આશ્ચર્ય થાય કે આટલી બધી ચેતવણી ઓ ખરેખર તો ધ્યાનભંગ કરે છે  અથવા તો એટલું તો જબરજસ્ત લાગશે કે કોઈપણ તેના પર ધ્યાન નહી આપે.

શું આપણે કયારેક વધારે પડતાં સંદેશાઓથી ઘેરાઇ જઈએ છીએ? હા, પ્રક્રિયા કારખાનામાં , જયારે તમને ચાલતી વખતે જોવા મળતાં ચેતવણી ચિન્હો , જેને તમે વાંચવાની પણ તસ્દી લેતાં નથી અથવા તો કાર્યપધ્ધતિમાં સાવચેતી જેની તમે નોંધ લેતા નથી.





## શું તમે જાણો છો ?

- ચેતવણી ચિન્હો એટલા માટે પ્રદર્શીત કરેલાં હોય છે કે જેથી તે ત્યાં કામ કરતાં માણસોને એ વિસ્તારનાં વિશિષ્ટ સાધનો અને પ્રક્રિયા ના જોખમો વિશે યાદ કરાવે.
- ચેતવણી ચિન્હો ઘણી વાર એવી વસ્તુઓ નો નિર્દેશ કરશે, જે એ પ્રક્રિયા વિસ્તારમાં અથવા એકાદ સાધન વડે સલામત રીતે કરી શકાય નહી.
- પ્રક્રિયા વિસ્તારમાં ચિન્હો ઘણીવાર વ્યક્તિગત સુરક્ષાના સાધનો(પીપીઈ) અને બીજી સુરક્ષા માહિતી માટે જરૂરીયાત ની યાદી દર્શાવે છે. ચેતવણી અને પીપીઈ ની જરૂરીયાતનો, ઓપરેટીંગ અને મરમ્મતની કાર્યપધ્ધતિ  અથવા વર્ક પરમીટ ના કાગળો માં પણ સમાવેશ કરેલો હોય છે.
- જો વધારે પડતાં ચિન્હો અથવા કાર્યપધ્ધતિની ચેતવણીઓ દર્શાવેલી હોયતો કેટલીક તો અવગણાય જશે અને અકસ્માત થઈ શકે છે.

## તમે શું કરી શકો ?

- પ્રક્રિયા વિસ્તારમાં જતાં પહેલાં અથવા સાધનના ભાગનો ઊપયોગ કરતાં પહેલાં ચેતવણી ચિન્હો ને હંમેશા વાંચો , જેથી તમને એ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ,  તેપણ  યાદ કરાવે.
- કામકરવાની પધ્ધતિમાં , મરમ્મતની પધ્ધતિમાં અથવા વર્ક પરમીટનાં કાગળોમાં સલામતી અને પીપીઈ ની જરૂરીયાત વિશે વાંચો અને સમજો. આ જરૂરીયાતને અનુસરો અને તમને આ જરૂરીઆત વિશે સમજ ન પડે તો મદદ માટે તમારા સુપરવાઈઝરને પુછો.
- જો તમને એવું લાગે  કે લખેલી કાર્યપધ્ધતિ અથવા ચેતવણીના બોર્ડમાં બહુ બધી ચેતવણી લખેલી છે જે વાંચનારને આવશ્યક છે તેનાથી ભટકાવી શકે છે, તો તમારા સુપરવાઈઝરને આ વિશે જાણ કરો.
- શું ચિન્હો સાચી જગ્યાએ અને સાચી સંખ્યામાં છે ? તે શું અસરકારક સ્મૃતિપત્રક છે ? શું ચિન્હો સચોટ છે ?
- ચેતવણી ચિન્હો અથવા કાર્યપધ્ધતિમાં ચેતવણી માં સુધારા માટે અવકાશ હોય તો તે અંગે સૂચવો. દા.ત. ઉપર ફોટાના પ્લેટર્ફોમમાં ૨૪ ચેતવણી ચિન્હો છે. શું આ ૨૪ માંથી કેટલાંક ને ભેગા કરી શકાય ? જુથમાં ? પ્રાધાન્યતામાં ? શું બધા જ જરૂરી છે ?
- નબળા ચિન્હો વિશે વધારે ઉદાહરણો માટે મે ૨૦૧૩ નું બીકન વાંચો.

**આપણને  ચેતવણી ચિન્હો ની જરૂરીયાત છે - પણ તે  મુદાસર હોવા જોઇએ!**

©AIChE 2018. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.